# અલંકારપ્રવેશિકા

ડોલરરાય ર. માંકડ

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

# અલંકારપ્રવેશિકા

ડોલરરાય રં. માંકડ, એમ. એ.
સંસ્કૃતાધ્યાપક, ડી. જે. સિંધ-કૉલેજ,-કરાચી

નાગરિકપ્રકાશનમંદિર
હૉસ્પીટલ રોડ,
કરાચી

૧૯૩૩ કિં. ૦-૮-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશકઃ-નાગરિકપ્રકાશનમંદિર
હોસ્પીટલ રોડ, કરાચી

મુદ્રકઃ-કાન્તિ પ્રેસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રાસ્તાવિક.

ઇન્ડિઅન વીમેન્સ યુનિવર્સિટીનાં પહેલાં બે વર્ષના અભ્યાસક્રમમાં અલંકાર તથા પિંગળ દાખલ થયાં છે તેને અનુકૂળ પડે તેમ અને શરૂવાતના વિદ્યાર્થીઓ અલંકારો સહેલાઇથી સમજી શકે તેમ આ પુસ્તિકાઓ લખાઇ છે. શરૂવાત કરનારાઓ માટે જ છે એટલે વ્યક્તિગત અલંકારના કેટલાક પ્રકારો અહીં ચર્ચ્યા તેમજ સમજાવ્યા નથી.

હમણાં મુંબાઇ યુનિવર્સિટીના બી.એ.ના ઑનર્સના અભ્યાસક્રમમાં પણ અલંકારનો થોડોક અભ્યાસ જરૂરી ગણાયો છે. અલંકાર પૂરતી કદાચ આ પુસ્તિકા તેવા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થાય.

જેમને માટે આ પુસ્તિકા લખાઈ છે તેઓ એનો લાભ લેશે તો પ્રયત્ન સફળ થયો ગણીશ.

ડોલરરાય રં. માંકડ

શેઠ દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ.
લાયબ્રેરી.
ગોપીપુરા, સુરત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## અલંકાર એટલે શું ?

ભાષામાં વિચાર વ્યકત કરવાના અનેક રસ્તા છે. કોઈ બનાવનું વર્ણન કરવું હોય તો જેમ તે બનાવ બન્યો હોય તેમ કહી જવું તે એક રસ્તો, અને વર્ણનમાં જરા કલ્પના ભેળવીને, સાંભળનારની વૃત્તિને ઉત્તેજે એમ કહેવું તે બીજો રસ્તો. પહેલો રસ્તો ઇતિહાસકારોનો છે, બીજો રસ્તો કવિયોનો છે. પણ કવિયોજ આમ કલ્પનાયુકત વર્ણન કરે છે એવું નથી. સામાન્ય વ્યવહારમાં પણ ઘણીવાર કલ્પના ભળે છે. કોઇ અધ્યાપક વિદ્યાર્થીનાં વખાણ કરે ત્યારે ' આ બહુ હોશિયાર છે ' એમ કહેવાને બદલે જો ' આ તો બૃહસ્પતિ જેવો નિપુણ છે ' એમ કહે તો એમાં થોડીક કલ્પના ભળી. એમ કલ્પના ભેળવીને વર્ણન કરવાથી સાંભળનારનાં મન ઉપર સચોટ અસર થાય છે. આમ જ્યારે સામાનાં મન ઉપર પૂર્ણ અસર કરવાને માટે અને પોતાને કહેવું હોય તેની પ્રતિકૃતિ સામાનાં મનમાં બરાબર ખડી થાય એટલા માટે, આપણે કલ્પના ભેળવીને બોલિયે ત્યારે આપણી સાદી અને સીધી ભાષામાં અલંકાર ભળે છે એમ કહેવાય. " આ બહુ હોશિયાર છે " એ સીધી વાત છે, પણ જ્યારે આપણે એમ કહિએ કે આ તો બૃહસ્પતિ જેવો નિપુણ છે, ત્યારે આપણે તેજ વાતને શણગારીને બોલિયે છિયે. આમ ભાષામાં અલંકાર વાપરવાનું મૂળ માણસ માત્રની કુતૂહલવૃત્તિને આધીન છે. માણસમાં કુતૂહલવૃત્તિ છે તેને પોષવાને વર્ણન કરનારાઓ જૂદી જૂદી રીતે શણગારીને ભાષા વાપરે છે. આમ ભાષામાં અલંકારો ભળે છે.

' તે સ્ત્રીનું મુખ ચન્દ્રના જેવું છે. ' ; ' તેની જીભ કુહાડી જેવી છે ' ; ' તેનો સ્વભાવ મધ જેવો છે. ' વળી, ' આ તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાકરનો કટકો છે ' ; ' એ તો સાક્ષાત બ્રહ્મા જ છે ' ; ' આ તો ગધેડો છે ' ; – વગેરે વાકયોમાં પણ આપણે અલંકાર વાપરિયે છિયે. ' તે બહુ કૂર બોલનાર છે ' એમ કહેવાને બદલે આપણે જ્યારે એમ કહિયે કે ' તેની જીભ કુહાડી જેવી છે ' ત્યારે આપણાં મન સમીપ એક જાતનું કલ્પનાચિત્ર ખડું થાય છે. કુહાડી જેમ કાપકાપજ કરે, કાપવા સિવાય કુહાડીનું જેમ બીજું કામ જ નથી, તેમ આની જીભ પણ એવી છે કે તેમાંથી જે શબ્દો નીકળે તે સામાનાં – સાંભળનારનાં – મનને કાપી નાખે – ઘણું જ દુઃખ દે; એવી કલ્પના આપણાં મન સમીપ આવે છે અને તેથી બોલનારને જે કહેવું છે તેની આપણાં મન ઉપર બરાબર અસર થાય છે. તેવી જ રીતે નારંગી ખાતા હોઇયે અને કોઇ પૂછે ' ગળી છે કે ખાટી ? ' અને આપણે ઉત્તર આપિયે ' અરે, આ તો સાકરનો કટકો છે, ' ત્યારે પ્રશ્ન પૂછનારનાં મનમાં સાકરના સ્વાદની કલ્પના ઊભી થાય: અને મનમાં ને મનમાં તે સાકરના સ્વાદની અને નારંગીના સ્વાદની તુલના કરે અને તેથી બરાબર સમજે કે નારંગી ગળી છે. આમ સાદી ભાષામાં ન બોલતાં, અલંકારવાળી ભાષા વાપરિયે તો સામાના મન ઉપર આપણે જે કહેવાનું હોય તેની સચોટ અસર થાય.

જેમ ખાલી ઘરને ફર્નીચર મૂકીને શણગારિયે ત્યારે તે ઘરનો ભપકો વધુ લાગે, જેમ માણસનાં ખુલ્લાં શરીર ઉપર કપડાં અને ઘરેણાં પહેરાવિયે ત્યારે તેની સુન્દરતામાં વધારો થાય, જેમ લીલોતરી શાકને વઘારીને મસાલો ભેળવીને સ્વાદિષ્ટ બનાવિયે ત્યારે તે ખાવાની વધુ મજા આવે, તેમ જ સાદી ભાષામાં જ્યારે આવા અલંકારો ભેળવિયે ત્યારે તે ભાષા બહુ જ સચોટ અને આકર્ષક બને. બગીચાઓ તો ઘણા હોય છે, પણ ઝાડ તથા છોડોને બરાબર વ્યવસ્થિત ગોઠવીને, નાનાં મોટાં ઝાડને બરાબર કાપીને


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુન્દર રચના કરેલો બગીચો આપણું મન હરે છે: પણ જંગલમાં અવ્યવસ્થિત ઉગેલાં ઝાડો આપણને એટલો બધો આનંદ આપતાં નથી, તેમ ભાષાને પણ અલંકાર ભેળવીને વધુ અસરકારક બનાવી શકાય છે.

## સ્વભાવોકિત

પણ કેટલીક વાર પ્રકૃતિદૃશ્યો જ સુન્દર લાગે છે. વાંકીચુંકી વહેતી નદીનો પ્રવાહ મનને હરે છે, પણ તેના ઉપર મનુષ્યોએ બાંધેલાં પૂલો વગેરેથી તેની સુન્દરતામાં ઘટાડો થાય છે. તેમ કેટલીક વાર કુદરતી વર્ણનો જ ભાષામાં થાય, અને અલંકાર ભેળવાય તો પણ આવાં વર્ણનો સુન્દર લાગે. આવાં કુદરતી વર્ણનોને સ્વભાવોકિત કહેવાય છે. **જેવો જે વસ્તુનો સ્વભાવ હોય તેવું જ તેનું વર્ણન કરવું, તેમાં મરીમરચું નાખીને તેને અલંકાર ન પહેરાવવા તેનું નામ સ્વભાવોકિત.** કાલું કાલું બોલતું હોય તેવાં છોકરાંનું વર્ણન કર્યું હોય તો તે સ્વભાવોકિત થાય. અહીં એક બે દાખલા લઇયે.

(૧) ઉતાવળી ને ઉંડી નદીયું સઘન ઘટાથી છાઇ રહે,
કાળા ભમ્મર પાણી એનાં ધસતાં ધમધોકાર વહે
ઝુકયા તરુવર તીર તણા. જો ગાજે જંગલ ગીર તણા.

( ગીરનાં જંગલ: ત્રિ. ગૌ. વ્યાસ )

(૨) પાઇ પીએ ને સુખી થાય સે'જે.
જમે, જમાડે રમી રોજ રોજે.
મીઠી પ્રીતે ટોળની બાજી ખેલે
તે ધન્ય દી, ધન્ય પતિ પ્રિયાને

( કાન્તા; અં. ૧. પ્ર. ૧. શ્લો. ૫ )



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ બન્ને કાવ્યખંડોમાં નૈસર્ગિક વર્ણનમાત્ર છે. અને એ વર્ણનમાં બીજો શણગાર નથી છતાં તે આકર્ષક બને છે. વર્ણન એવું તાદૃશ થયું છે કે વાંચતાં જ કલ્પના ઉ-તેજાય છે અને ઘોર જંગલનું અને પ્રેમી અને સંતોષી પતિપત્નીનું ચિત્ર કલ્પનામાં ખડું થાય છે. અહીં નદીના પ્રવાહને કોઇ પણ ચીજ સાથે સરખાવ્યો નથી તેમજ બીજી કોઇ રીતે અલંકારનો ઉપયોગ નથી, તેથી આ બન્ને જગ્યાએ સ્વભાવોક્તિ જ માત્ર છે.

એક બીજો દાખલો લઇયે.

(૩) વર્ષાની વન ઘટા ચડે નભ, ડુંગર પર વીજળી ઝબુકે
મેઘ દુન્દુભી ગડે ગગનમાં મ-ત બની મોરા ટહુકે.
ત્રાડન કેસરિ વીર તણાં, જો ગાજે જંગલ ગીર તણાં.
( એજ )

(૪) જો ! જો ! જો ! આ ત્રુટી પડયો શો મેઘ જોરથી
નભકટિપરથી પ્રસારિ લાંબા ધારા-કરને
ધરતીને ઝટ બાઝી પડવા !
( ગોવર્ધનરામ )

આ બન્ને કાવ્યખંડોમાં વર્ષાનું વર્ણન છે. પહેલા ખંડમાં ' મેઘને દુન્દુભી સાથે સરખાવ્યાં છે એટલું બાદ કરિયે તો બધું સ્વભાવિક વર્ણન છે. ' આકાશમાં કાળાં વાંદળાં ચડયાં છે, ડુંગર પર વીજળી ઝબકે છે, મોરો ટહુકે છે, કેસરીઓ ત્રાડે છે ' વગેરે બહુ જ સ્વભાવિક વર્ણન છે છતાં દરેક દરેક વાકય આપણાં મનમાં સુરેખ છબી પાડે છે. અહીં કયાંય અલંકાર નથી.

તેથી ઉલટું, બીજા ખંડમાં આલંકારિક વર્ણન છે. છે તો એ પણ વર્ષાનું જ વર્ણન, પણ ' આકાશમાંથી વર્ષાદની ધારાઓ ધરતી ઉપર પડે છે '' એમ સીધું કહેવાને બદલે વાદળું કેમ જાણે નભની કેડ માથે બેઠું છે અને ત્યાંથી પોતાના હાથ લાંબા કરી


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરીને ધરતીને બાઝી પડવા મથે છે એવું વર્ણન છે. વર્ષાદની ધારાને હાથ સાથે એકરૂપ ગણીને અને નભમાં મનુષ્યત્વનો આરોપ કરીને કવિ આ વર્ણનને આલંકારિક બનાવી દે છે. તેથી યે કલ્પનાચિત્ર ખડું થાય છે.

આમ બન્ને રીતે આપણી કલ્પના ઉત્તેજાય છે, પણ સ્વભાવોકિત મુજબ કલ્પના ઉત્તેજાય એવા પ્રસંગો ઓછા, તેમ એવું કરી શકે એવી પ્રતિભાવાળા કવિઓ પણ ઓછા; તેથી અલંકારની કાવ્યમાં જરૂર રહે છે. જે પ્રસંગમાં નૈસર્ગિક સૌન્દર્ય ભર્યું હોય તેવા પ્રસંગોમાં સ્વભાવોકિત શકય બને, પણ જે પ્રસંગો નિસર્ગથી ચિત્તાકર્ષક હોતા નથી તેવા પ્રસંગોનાં વર્ણન વખતે અલંકાર ભેળવવાની બહુ જરૂર રહે છે. નૈસર્ગિક રમ્યતાવાળા પ્રસંગો કે દૃશ્યોનાં વર્ણનમાં પણ અલંકાર ભળ્યે વધુ ખૂબી આવે છે ખરી.

અલંકારો બે પ્રકારના હોયઃ ૧ **શબ્દાલંકાર અને ૨.અર્થાલંકાર.**
**' રચના રચનાર રે ઘણી, કરૂણાળુ કરૂણા કરો ઘણી '**

અહીં ' રચના – રચનાર ', ' કરૂણા – કરૂણા , ' ધણી – ઘણી ' ની પુનરુકિતથી જ કંઇક આકર્ષકતા વધે છે. આમાં કંઇ અર્થને સ્થાન નથી. અર્થ ગમે તે હોય, પણ માત્ર અમુક અક્ષરો અમુક રીતે ગોઠવાઇ જાય ત્યારે આવા અલંકારો બને. **માત્ર અક્ષરની ગોઠવણી ઉપર જ આધાર રાખનારા અને અર્થની જરા યે દરકાર ન કરનારા અલંકારોને શબ્દાલંકારો** કહેવાય છે. આવા શબ્દાલંકારો ઘણા છે પણ અહીં તેની ચર્ચા કરી નથી. તેની વિરૂધ્ધ **જેમાં અર્થ ઉપર જ આધાર રાખતાં ખૂબી બહાર આવતી હોય તેવા અલંકારોને અર્થાલંકારો કહેવાય** છે. અહીં ચર્ચેલા બધા અલંકારો અર્થાલંકારો છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમ અલંકારનો પ્રદેશ બહુ વિશાળ છે. પણ બધા અલંકારોમાં ઉપમા બહુ અગત્યનો અને ઘણાખરા અલંકારોને મૂળે રહેલો છે માટે આપણે તેને પહેલાં સમજવો જોઈએ.

૨

## ઉપમા

૧ દૂધ જેવી ઉજળી રાત હતી.

૨ કાજળ જેવા કાળા વાળ છે.

૧ આ વાકયોમાં ઉપમા નામે અલંકાર છે. પણ ઉપમા એટલે શું ? ઉપલાં વાકયોમાં શું તત્ત્વો દેખાય છે ? પહેલાં વાકયમાં રાતને દૂધની સાથે સરખાવી છે અને બીજાં વાકયમાં વાળને કાજળ સાથે સરખાવ્યા છે. આમ આપણે સમજી શકિયે કે ઉપમામાં સરખામણી જોઇયે. સરખામણી તો બે ચીજો વચ્ચે જ હોઇ શકે. એક જ ચીજની વાત કરિયે ત્યારે સરખામણી ન થઇ શકે. એટલે ઉપમામાં બે ચીજો વચ્ચે સરખામણી જોઈયે. પણ આપણે બે વાળને હાથમાં રાખીને એમ કહિયે કે આ વાળ, આ વાળ જેવો કાળો છે તો તેમાં સરખામણી છે, તેમજ બે ચીજો છે છતાં ઉપમા નથી. કારણ એક વાળ બીજા વાળ જેવો કાળો તો હોય જ. એમ સાંભળનારનાં મનમાં થાય અને તેથી તેનાં મનમાં કાંઇ અસર ન થાય. માટે ઉપમામાં, જે બે ચીજો વચ્ચે સરખામણી કરવામાં આવે તે બે તદ્દન જૂદી જ ચીજો હોવી જોઇએ. એ બે ચીજો વચ્ચે સામાન્ય સામ્ય તો કાંઇ ન હોય, માત્ર અમુક ગુણ તે બે વચ્ચે સરખો હોય અને સરખામણી તે ગુણ પુરતી જ હોય. ઉપરનાં પહેલાં વાકયોમાં દૂધ અને રાત વચ્ચે ' ઉજળાપણું ' સિવાય બીજું કશું સામ્ય નથી. અને બીજાં વાકયમાં વાળ અને કાજળ વચ્ચે ' કાળાશ ' સિવાય બીજું કશું સામ્ય નથી. આ બે


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભિન્ન વસ્તુ વચ્ચે માત્ર એકેક ગુણની સરખામણીને લીધે ઉપમા થાય છે, આ પ્રમાણે ઉપમામાં બે ભિન્ન વસ્તુ હોય, એટલે ઉપમાની શાસ્ત્રીય વ્યાખ્યા આપણે **'બે ભિન્ન વસ્તુઓ વચ્ચે સરખામણી તે ઉપમા'** એમ આપી શકિયે.

૨. ઉપમાને પૂરી સમજવાનું આટલું સહેલું નથી. તેમાં બીજાં કેટલાક તત્વો છે તે આપણે બરાબર સમજી લેવાં જોઇએ. આપણે એક દાખલો લઇએ.

[૧] હતી અકાળે વિખુટી પડેલી
આકાશની બીજકલા શી રમ્ય
એ બાળ નાનાં તજીને એકલી
માતાતણી પ્રેમળ મૂર્તિ ભવ્ય.
(કલ્યાણયાત્રીઃચમનલાલ ગાંધી)

અહીં માતાની મૂર્તિને આકાશની બીજકલા સાથે સરખાવેલ છે. પણ પૂરેપૂરી ઉપમા તો જ્યારે 'બીજકલા શી રમ્ય મૂર્તિ' એમ કહિયે ત્યારે વ્યકત થઇ કહેવાય. આ વાકયમાં મૂર્તિને **ઉપમેય** કહેવાય. **ઉપમેય** એટલે જે વસ્તુને બીજી વસ્તુ સાથે સરખાવવી છે તે અને જેની સાથે તે સરખાવવી છે તે વસ્તુને **ઉપમાન** કહેવાય. આમ બીજકલા ઉપમાન થાય. પણ આ બે શબ્દો-મૂર્તિ અને બીજકલા-વચ્ચે સરખામણી કરી છે એમ આપણે કેમ જાણિયે? એ બે વચ્ચે ઉપમા છે એમ ખબર કેમ પડે? ઉપરના વાકયમાં 'શી' શબ્દથી આ સરખામણીની ખબર પડે છે. આમ જે શબ્દ બે ભિન્ન વસ્તુ વચ્ચેની સરખાણી વ્યકત કરતો હોય તેને **ઔપમ્યવાચિ** (આને ટુંકામાં વાચક પણ કહે છે) કહેવાય. આપણી ભાષમાં ઔપમ્યવાચિ ઘણા છે – જેવું સમ, સરખું. શો-શી-શું, તુલ્ય, જેમ, વગેરે. આ બધાના વપરાશથી બે ચીજો વચ્ચે ઔપમ્ય એટલે સરખાપણું છે એમ આપણને ખબર


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડે માટે તેમને ઔપમ્યવાચિ કહેવાય છે. આમ ઉપમેય, ઉપમાન અને ઔપમ્યવાચિ સમજ્યા પછી એમ પ્રશ્ન થાય કે મૂર્તિ બીજકલા જેવી છે તો ખરી, પણ કયા ગુણમાં બન્નેનું સામ્ય છે? 'બીજકલા શી રમ્ય મૂર્તિ'માં 'રમ્ય' શબ્દથી બન્ને વચ્ચેનો સમાન ગુણ વ્યક્ત થાય છે, બીજકલા પણ રમ્ય છે, મૂર્તિ પણ રમ્ય છે અને આ રમણીયતાપૂરતું તે બે વચ્ચે સામ્ય છે. આમ જે શબ્દ ઉપમાન અને ઉપમેય વચ્ચેનો સમાન ગુણ બતાવે તેને **સાધારણ ધર્મ** (આને ટુંકામાં ધર્મ પણ કહે છે) કહેવાય છે. આમાં 'રમ્ય' સાધારણ ધર્મ છે.

નીચેનાં વાક્યોમાંથી ઉપમાન, ઉપમેય, ઔપમ્યવાચિ અને સાધારણ ધર્મ શોધી કહાડો.

૧ વાળ કાજળ જેવા કાળા છે.
૨ રાત દૂધ શી ધોળી છે.
૩ તે ગધેડા સમ મૂરખ છે.
૪ અક્કલમાં તે બૃહસ્પતિ સમાન છે.
૫ તે બળમાં ભીમ તુલ્ય છે.
૬ એનું મોં કમળ જેવું સુન્દર છે.

૩ ઉપર એમ કહ્યું છે કે ઉપમામાં ચાર તત્ત્વો હોવાં જોઇયે પણ આ ચારે તત્ત્વો ભાષામાં હંમેશાં વ્યક્ત થાય જ એવું નથી બનતું. કોઇ વખત ઔપમ્યવાચિ ન હોય તો કોઇ વખતે સાધારણ ધર્મ ન હોય તો કોઇ વખતે ઉપમાન ન હોય. તેથી જેમાં આ ચારે તત્ત્વો હોય તેવી ઉપમાને **પૂર્ણોપમા** કહેવાય. ઉપરનાં બધાં વાક્યોમાં પૂર્ણોપમા છે. પણ જ્યારે આ ચારમાંથી કોઇ પણ એક કે વધારે તત્ત્વ ગેરહાજર હોય ત્યારે તેને **લુપ્તોપમા** કહેવાય.

[૨] આછેરા અભ્ર જેવો દશ દિશ ધસતો એકલો આ તુષાર
(શત્રુંજય, ખોટાદકર)


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહીં 'આછેરા અભ્ર જેવો એકલો તુષાર' એમ ઉપમા છે. તેમાં તુષારને આછેરા અભ્ર સાથે સરખાવ્યો છે. એટલે તુષાર ઉપમેય છે. અને અભ્ર ઉપમાન છે. જેવો ઔપમ્યવાચિ છે. અને એકલો સાધારણ ધર્મ છે. વાદળું પણ એકલું છે. તુષાર પણ એકલો છે. માટે એકલો સાધારણ ધર્મ. વળી અહીં 'દશ દિશ ધસતો' પણ સાધારણ ધર્મ છે. એમ ગણી શકાય. તુષાર બધે ફેલાયો છે, બાદળું બધાં દિશામાં જઇ શકે છે, એમ ગણીને 'દશ દિશ ધસતો' ને સાધારણ ધર્મ ગણી શકાય. પણ એમ પણ કહી શકાય કે તુષાર દશે દિશામાં ધસે છે ખરો, પણ વાદળું કંઇ દશે દિશામાં ધસી ન શકે, બહુ બહુ તો તેની ગતિ આઠ દિશામાં થઇ શકે, માટે આ સાધારણ ધર્મ નથી. એટલે એમ યાદ રાખવાનું કે સાધારણ ધર્મ એક જ હોય એવું નથી, તેમ વળી સાધારણ ધર્મ ઉપમાન અને ઉપમેય બન્નેને લાગુ પડવો જોઇયે. ગમે તેમ ઉપરનાં વાકયમાં ઉપમાન, ઉપમેય, ઔપમ્યવાચિ અને સાધારણધર્મ એમ ચારે તત્વો વ્યકત છે તેથી તે પૂર્ણોપમાનું ઉદાહરણ છે.

[૨] મેં સ્વપ્નમાં સુંદર આળખ્યો'તો
ને મોહમાં મેરુ સમો ગણ્યો'તો
એ અપ્સરાક્રીડન શૈલ ક્યાં, ને
આ આભને યે ભરતો ગિરિ ક્યાં ?

(ગજેન્દ્રમૌક્તિકોઃ ગજેન્દ્ર બુચ)

અહીં 'મેરુ સમો ગિરિ' એમ ઉપમા છે તેમાં ગિરિને મેરુ જેવો ગણ્યો છે માટે ગિરિ ઉપમેય છે, મેરુ ઉપમાન છે અને સમો ઔપમ્યવાચિ છે. પણ સાધારણ ધર્મ અહીં વ્યકત નથી, પણ લુપ્ત છે. બીજાં ત્રણે તત્ત્વો વ્યકત છે. અહીં એમ નહીં કહી શકાય કે બીજી લીંટીમાં જે ઉપમા છે તેમાં ગિરિ શબ્દ વાપર્યો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી, તેથી ઉપમેય પણ લુપ્ત છે. કારણ કે કવિતાની આગલી કડીઓમાં 'ગિરનાર' શબ્દ વ્યક્ત છે. તેથી ઉપમેયને વ્યક્ત જ ગણાય. આમ અહીં માત્ર સાધારણ ધર્મનો લોપ થયો છે. પણ ગમે તે એક કે વધુ તત્ત્વનો લોપ હોય તો તેને લુપ્તોપમા કહેવાય, માટે આ લુપ્તોપમાનું દૃષ્ટાન્ત છે. અહીં 'અપ્સરાક્રીડન' અને 'આભને યે ભરતો' એ બેને સાધારણ ધર્મ ન ગણાય, કારણ એ બે તો વિરોધી ધર્મો છે. ક્યાં–ક્યાંથી આ વિરોધ બતાવાયો છે.

આ ઉદાહરણથી લુપ્તોમા શું તે જણાશે, પણ તેમાં તો માત્ર સાધારણ ધર્મ જ નથી. ઉપર આપણે કહ્યું છે કે ઉપમાના ચાર તત્ત્વોમાંથી ગમે તે એક અથવા વધુ તત્ત્વોની ગેરહાજરી હોય તો લુપ્તોપમા કહેવાય. આમાં ચારમાંથી કાં તો ગમે તે એક તત્ત્વ વ્યક્ત ન હોય, કાં તો ગમે તે બે તત્ત્વો વ્યક્ત ન હોય, કાં તો ગમે તે ત્રણ તત્ત્વો વ્યક્ત ન હોય. આમ લુપ્તોપમાના પહેલાં એકલુપ્તા, દ્વિલુપ્તા, ત્રિલુપ્તા,–એવા ત્રણ પ્રકારો થશે. ચારે ચાર તત્ત્વોનો લોપ તો હોઈ શકેજ નહીં: પણ આ ત્રણ પ્રકારોના પણ ઉપપ્રકારો સંભવે છે. એક દાખલો લઈયે.

'ઘન જેવો સ્યામ કૃષ્ણ' માં પૂર્ણોપમા છે. પણ એજ ઉપમાને નીચે મુજબ જુદી જુદી રીતે મુકી શકાય.


૧ ઘન જેવો કૃષ્ણ. ૨ કૃષ્ણ જેવો શ્યામ બીજો કોઇ નથી. ૩ ઘનશ્યામ કૃષ્ણ. ૪ કૃષ્ણઘન. ૫ કૃષ્ણ જેવું બીજું કોઈ નથી. ૬ ઘનશ્યામને હું ભજું છું.

આમાં પહેલાં વાક્યમાં સાધારણ ધર્મ નથી. બીજામાં ઉપમાન નથી. ત્રીજામાં વાચક (ઔપમ્યવાચિ) નથી. ચોથાનો અર્થ 'કૃષ્ણ રૂપી ઘન,' એવો કરિયે અને 'ઘન જેવો કૃષ્ણ' એમ ન કરિયે તો તેમાં વાચક અને ધર્મ બન્ને નથી, પાંચમાંમાં ઉપમાન


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ધર્મ બે નથી અને છઠ્ઠાંમાં ઉપમેય તથા વાચક નથી. આમ લુપ્તોપમાના ૭ પ્રકારો થયા. વળી 'મૃગનયની' કહિયે તો તેનો અર્થ 'મૃગનાં નયન જેવાં સુન્દર જેનાં નયન છે તે' એમ થાય. તેથી 'મૃગનયની' સમાસમાં 'નયન' ઉપમેય છે, પણ 'મૃગનાં નયન' એ ઉપમાન નથી, 'જેવાં' એ વાચક નથી અને 'સુન્દર' એ સાધારણ ધર્મ નથી. આથી તેમાં ઉપમાન, વાચક અને સાધારણ ધર્મ એમ ત્રણ તત્ત્વોનો લોપ થયો છે,

એટલે ઉપલાં વાક્યોમાંથી ૧-૨-૩ માં એકેક તત્વોનો જ લોપ છે, માટે તે ત્રણ એકલુપ્તાના પ્રકારો છેઃ ૪-૫-૬ માં બબ્બે તત્વોનો લોપ છે માટે તે ત્રણ દ્વિલુપ્તાના પ્રકારો છે અને 'મૃગનયની' ત્રિલુપ્તાનો પ્રકાર છે કારણ તેમાં ત્રણ તત્ત્વોનો લોપ છે. **આમ એકલુપ્તાના ત્રણ પ્રકાર-૧ ઉપમાનલુપ્તા, ૨ ધર્મલુપ્તા ૩ વાચકલુપ્તા. દ્વિલુપ્તાના ત્રણ પ્રકાર—૧ વાચકધર્મલુપ્તા, ૨ ધર્મોપમાનલુપ્તા ૩ વાચકોપમેયલુપ્તા. અને ત્રિલુપ્તાનો એકજ પ્રકાર—વાચકધર્મોપમાન લુપ્તા. આમ લુપ્તોપમાના કુલ સાત પ્રકાર થયા. તેને નીચે મુજબ બતાવી શકાય.**






P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ દરેકનાં ઉદાહરણો લઇયે.

(१) ધર્મલુપ્તા.

[४] છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ
દેવોનાં ધામનાં જેવું હૈયું જાણે હિમાલય.

આમાં ત્રણ ઉપમા છે. 'વડલા જેવી છાયા': 'નદના સમ ભાવો'; અને 'દેવોનાં ધામનાં જેવું હૈયું.' આમાંથી છેલ્લી બે ઉપમા કેવી છે તે વિચારો. એને આખી બોલિયે તો 'નદના જેવા ગંભીર ભાવો' તથા 'દેવોનાં ધામનાં જેવું પવિત્ર હૈયું' એમ બોલાય. પણ આમાંથી 'ગંભીર' અને 'પવિત્ર' ઉપરની ઉપમાઓમાં વ્યકત નથી અને આ બન્ને સાધારણ ધર્મ છે માટે આ બન્ને ઉપમાઓ ધર્મલુપ્તાના દાખલાઓ છે. પણ 'વડલા જેવી છાયા' ને આનો દાખલો ન ગણી શકાય, કારણ એને જો પુરી વ્યકત કરિયે તો 'વડલાની છાયા જેવી ઘાટી છાયા' એમ કહેવાય. આથી તેમાં ઉપમાન તથા સાધારણ ધર્મ બન્નેનો લોપ છે. માટે એને ધર્મલુપ્તાનો દાખલો ન ગણાય

(२) ઉપમાનલુપ્તા

[५] "હે કમળ, તારા જેવું કોમળતામાં બીજું કોણ છે તે હું જાણતો નથી"

આમાં કમળ ઉપમેય, જેવું ઔપમ્યવાચિ અને કોમલતા સાધારણ ધર્મ છે. પણ ઉપમાન છે જ નહીં માટે આ ઉપમાનલુપ્તાનું ઉદાહરણ છે.

(३) વાચકલુપ્તા

[६] ઘૂમન્તો કૌરવોના અતલ ગગનમાં મેઘ શો ચંડમૂર્તિ,
ઝીલન્તો શત્રુવર્ષ્યાં પરશુ શર અને તોમરો અગ્નિતીખાં,
વીઝન્તો વેગથી એ વિષમ વડિ ગદા કાલની શકિત જેવી.
કૂદી ઉન્મત્ત ઘેલો કુરૂકુલદલને છૂંદતો ઘાતઘાતે.
(અભિમન્યુ: મ. ઝવેરી)



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આમાં બીજી લીંટીમાં 'તોમરો અગ્નિતીખાં' એમ ઉપમા છે, તેને પૂરી વ્યક્તિ કરિયે તો, 'અગ્નિ જેવાં તીખાં તોમરો' એમ બોલાય. આમ એ ઉપમામાંથી 'જેવાં' એ ઔપમ્યવાચિનો લોપ છે, માટે આ વાચકલુપ્તાનું ઉદાહરણ છે. બીજાં ત્રણે વ્યક્ત છે. અગ્નિ-ઉપમાન, તીખાં-સાધારણ ધર્મ, અને તોમરો ઉપમેય છે.

(૪) વાચકધર્મલુપ્તા

[૭] થાતાં જરી ગર્જન આભમાંહી,
નિર્માલ્ય શો કોતરમાં ભરાઇ,
સ્વીકારીને જીવનની ગુલામી,
રહે કદી શાન્ત પુરૂષસિંહ?
(કલ્યાણયાત્રીઃ ચમનલાલ ગાંધી)

અહીં પુરૂષ અને સિંહ વચ્ચે સરખામણી છે તેને આમ બોલાય 'સિંહ જેવો બહાદુર પુરૂષ.' પણ અહિં તો બહાદુર અને જેવો બન્ને નથી. તેથી વાચક અને સાધારણધર્મનો લોપ થયો છે. માટે વાચકધર્મલુપ્તાનું આ ઉદાહરણ છે.

(૫) ધર્મોપમાનલુપ્તા

[૮] 'હે આમ્રતરૂ, ભમરાએ બહુ શોધ કરી પણ તારા જેવું કોઇ મળ્યું નહીં.'

અહીં તારા (આમ્રતરૂ) ઉપમેય છે અને જેવું ઔપમ્યવાચિ છે. સાધારણ ધર્મ તથા ઉપમાન નથી. આમાં જો એમ કહ્યું હોય કે 'તારા જેવું સુંદર કોઇ મળ્યું નહીં' તો સાધારણ ધર્મ વ્યક્ત થાય. પણ એવો કોઈ ધર્મ ઉપરનાં વાકયમાં નથી માટે ધર્મનો પણ લોપ થયો છે એમ ગણવું જોઇયે. ઉપમાન તો મળતું જ નથી માટે લુપ્ત છે. આમ ધર્મોપમાનલુપ્તા.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૬) વાચકોપમેયલુપ્તા

[૯] ઘનસ્યામને જોઇ ગોપી ઘેલી બની.

ઉપર સમજાવ્યું છે કે ઘનસ્યામ કેવી રીતે વાચકોપમેયલુપ્તાનું દૃષ્ટાન્ત બને. પણ અહીં નોંધવું જોઇયે કે આપણી ભાષામાં આ પ્રકાર 'ઘનશ્યામ' જેવા રૂઢ શબ્દમાં જ શકય છે. ખરી રીતે અહીં પણ એમ કહી શકાય કે ઘનસ્યામ એ કૃષ્ણનું નામ જ છે તેથી એ સમાસને છૂટો કરવાની જરૂર જ નથી. પણ જો સમાસ છૂટો પાડિયે તો 'ઘન જેવો સ્યામ કોણ?' એ પ્રશ્ન સ્વાભાવિક થાય. અને તેનો ઉ-તર 'કૃષ્ણ' તે અહીં નથી માટે આને વાચકોપમેયલુપ્તાનો દાખલો ગણી શકાય. આમ ઉપમાન અને સાધારણધર્મનો બનેલો સમાસ જ આવો દાખલો હોઇ શકે. પણ તેમાંયે આખા સમાસને આપણે જો નામ તરીકે ગણિયે તોજ આ પ્રકાર બહાર આવી શકે, વિશેષણ તરીકે ગણિયે તો ન આવી શકે.

(૭) વાચકધર્મોપમાનલુપ્તા

[૧૦] ગજગમના સ્ત્રી.

અહીં 'ગજગમના' એટલે 'ગજનાં ગમન જેવું ગમન છે તે' એમ અર્થ થાય. એમાં સ્ત્રીનાં ગમનને ગજનાં ગમન સાથે સરખાવ્યું છે, તેથી સ્ત્રીનું ગમન તે ઉપમેય અને ગજનું ગમન તે ઉપમાન બને. પણ એક જ ગમન અહીં વ્યકત છે અને તે ઉપમેય છે. કારણ સ્ત્રીનું વિશેષણ છે, માટે અહીં ઉપમેય સિવાય બીજાં ત્રણે લુપ્ત છે. આમ આ વાચકધર્મોપમાનલુપ્તા છે.

આમ લુપ્તોપમાના પ્રકારો સમજ્યા પછી હજી એટલું સમજવું જોઇયે કે **<u>ઉપમા સમાસમાં</u> વ્યકત થાય કે વાકયમાં પણ થાય.** પૂર્ણા તેમજ લુપ્તા બન્ને વાકયમાં તેમજ સમાસમાં વ્યકત થઈ શકે. આપણે પૂર્ણામાં આ કેમ બને છે તે તપાસિયે.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[૧૧] પુણ્યની શાન્ત મૂર્તિ શી સાધ્વી લલિતલોચના
સુવર્ણા નીરવા જાણે નિર્વાણાગ્નિતણી શિખા.
(મદનવિજયી લોચનદાસ: સું. ગો. બેટાઇ.)

[૧૨] પાડી નાખે તનુપર પડયું બિન્દુ જે હૈમ આવી
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી,
ફોંધો નીચે સુતનુકરને એ પ્રમાણે કચે જ્યાં
ઝાંખા જેવો શશી પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં.
[કચ અને દેવયાની: કાન્ત]

ઉપલાં બન્ને ઉદાહરણોમાં વાકયગા પૂર્ણાનાં સુન્દર ઉદાહરણ છે. પહેલાંની ઉપમા આમ વ્યકત થાય. 'પુણ્યની શાન્ત મૂર્તિ શી સુવર્ણા (છે)' આ આખુંયે વાકય છે. માટે તે વાકયગા કહેવાય. વળી તેમાં સુવર્ણા ઉપમેય, શી વાચક, શાન્ત સાધારણ ધર્મ તથા પુણ્યની મૂર્તિ ઉપમાન છે તેથી તે પૂર્ણા છે. આમ આ પૂર્ણા વાકયગાનું દૃષ્ટાંત છે. બીજાં વાકયમાં પણ ઉપમા આમ વ્યકત થાય "મૃગપતિ જેમ તનુ ઉપરથી હૈમ બિંદુ પાડી નાખે તેમ કચે સુતનુકરને નીચે ફોંધો" અહી કચ ઉપમેય છે અને મૃગપતિ ઉપમાન છે, એ એક ઉપમા: હૈમ-બિન્દુ ઉપમાન અને સુતનુકર ઉપમેય તે બીજી ઉપમા. આ ઉપમા-જોડકામાં 'જેમ' ઔપમ્યવાચિ છે અને 'પાડી નાખે–નીચે ફોંધો' સાધારણ ધર્મ છે. આમ આ પણ પૂર્ણા વાકયગા છે.

**જ્યારે ઔપમ્યવાચિનો ઉપમાન સાથે સમાસ બને ત્યારે તે સમાસગા ઉપમા કહેવાય.** 'ચન્દ્રસમ રમ્ય તેનું મુખ છે' એમ કહિયે ત્યારે સમ અને ચન્દ્રનો સમાસ બન્યો છે માટે તે સમાસગા છે. ચારે તત્ત્વો હાજર છે માટે પૂર્ણા છે. આમ આ પૂર્ણા સમાસગાનું દૃષ્ટાન્ત છે. આપણી ભાષામાં સમ સરખું, સમાન, તુલ્ય વગેરે ઔપમ્યવાચિનો ઉપમાન સાથે સમાસ શકય છે; જ્યારે જેવું, જેમ વગેરેનો સમાસ ન બની શકે. પણ એટલું ધ્યાન



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખવું કે ' ચન્દ્રની સમાન ' કહ્યું હોય તો સમાસ નથી ' ચન્દ્ર સમાન ' કહ્યું હોય તો સમાસ છે.

આમ પૂર્ણા વાક્યગા અને સમાસગા હોઇ શકે. આવા જ પ્રકારો લુપ્તાના પણ હોઈ શકે. તેમ વળી ઉપમાના બીજા કેટલાક પ્રકારો પણ શકય છે, પણ અહીં તો સામાન્ય જ્ઞાન જ આપવું છે એટલે તે બધાંની ચર્ચા નથી કરી. આમ ઉપમાના કૂલ નવ પ્રકાર આપણે ગણ્યા.

- ઉપમા
  - પૂર્ણા
    - ૧. વાકયગા
    - ૨. સમાસગા
  - લુપ્તા
    - એકલુપ્તા
      - ૩. ધર્મલુપ્તા
      - ૪. વાચકલુપ્તા
      - ૫ ઉપમાનલુપ્તા
    - દ્વિલુપ્તા
      - ૬. વાચકધર્મલુપ્તા
      - ૭. ધર્મોપમાનલુપ્તા
      - ૮. વાચકોપમેયલુપ્તા
    - ત્રિલુપ્તા
      - ૯. વાચકધર્મોપમાન-લુપ્તા

**નીચેના કાવ્યખંડોમાં આવેલા ઉપમાપ્રકારો બતાવો.**

૧ શોભે જેવી શુચિ નીસરતી માનસેથી મરાલી,
વર્ષા કેરાં વિમલ જલમાં નાચતી વા મૃણાલી,
ઓચિંતી વા તનુ ચમકતી મેઘથી જેમ વીજ,
બાલા તેવી બની ગઇ ખરે, અદ્‌ભુત સ્પર્શથીજ,

૨ સહસ્ર ધારથી જેમ વર્ષે છે મેઘની ઝડી
લોકમાં વર્ષતાં તેમ આપનાં આત્મનાં અમી.

૩ ક્ષિતિજમાં કંઇ મેઘ સમો રમે, નજર માંડી જહિં દિન રાત મેં
અહિં ઊભો પડછન્દ પહાડ એ નમન હો ગરવા ગિરનારને.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪ વીજળી શો થયો આ શો ઝળકારો જલની મહીં.
૫ પ્રેમનાંપૂર શાં વ્હેતાં નીકમાં નીર ઉછળે
માનિનીનાં મહાશ્રુ શાં નેવાં રહી રહી ઢળે.
૬ ભર્યા જેમ ઘનો ગર્જી આથડે આભઆંગણે
તેમ જોબનઘેલા બે આખડયા સમરાંગણે.
૭ વાયુવેગે સિંધ સંચર્યો.
૮ વક્ત્રેન્દુ વિલાસી રહયો.
૯ રામ જેવું શાન્ત બીજું કોણ છે?
૧૦ તારા સમાન કૃશઅંગી, કુરંગનેત્રી
૧૧ રોકેલ અશ્રુદલ જે હૃદયે જડીને
બીજે કપોલ કચના હમણાં પડી તે.
છાયું હતું ઘનપટે મુખ ખેદના એ
ત્યાં એ સુહાસ્ય વિધુના સમ અલ્પ થાયે.

(૧૨) જ્યાં ભૂરા વ્યોમ જેવો નિર્મળ દરિયો છે, જ્યાં ચોખ્ખાં અગાધ પાણી, સ્વચ્છ મનુષ્યનાં મનની માફક હેલે ચડે છે પણ તોફાને ચડતાં નથી, જ્યાં સંધ્યાના લાખો રંગથી ભરેલો સાળુ દરિયાની દેવી હંમેશાં પહેરે છે, જ્યાં નીલમ જેવાં જળમાં સોનેરી, રૂપેરી તારાની માફક માછલીઓ કૂદી રહી છે, એક એક કરોડ તરંગમાં ઉછળતાં સમુદ્રફીણ જ્યાં પવિત્ર મનુષ્યનાં સ્મિત જેવાં સુંદર દેખાય છે, જ્યાં નાખી નજર ન પહોંચે એટલે દૂર જલસુંદરીઓ હરઘડી અને હરરોજ નૃત્ય કરે છે, ...જ્યાં રસસુંદરી જેવી ઉષા, દરિયાની ભૂરી ચાદર ખસેડતાં પહેલાં, ઋગ્વેદની ઋચા જેવું સંગીત બજાવે છે, ત્યાં હિંદી મહાસાગરને કિનારે મદ્રાસ પાસે માછીમારોનાં નાજુક ઝૂંપડાંથી વસેલું એક અત્યંત સુંદર ગામ હતું.

[નોંધ: ઉપરના ખંડોમાં ઉપમા સિવાય, બીજા અલંકારો હોય તો તે પણ, બધું શીખ્યા પછી શોધવાનો પ્રયત્ન કરવો]


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## રૂપક

ઉપમા જો બરાબર સમજ્યા હોઇએ તો રૂપક સમજવું સહેલું થઇ પડે, કારણ રૂપકનું બધું મંડાણ ઉપમા ઉપર જ છે. એક ઉદાહરણ લઇએ.

(૧) એ રીતે અદકી ફોરી વીરની વીર્યમંજરી,
ઋતુચક્ર સજે જેવી આમ્રની આમ્રમંજરી
( અભિમન્યુ: મ. ઝવેરી )

અહીં પહેલી લીંટીમાં રૂપક છે તે કેમ થાય છે તે જોઇએ. "વીરની વીર્યમંજરી ફોરી" એમ કહ્યું છે, તેમાં કવિને ઉદ્દિષ્ટ તો એટલું છે કે વીરનું વીરત્વ પ્રકાશ્યું. પણ તેને બદલે વીર કેમ જાણે કોઇ વૃક્ષ હોય એમ કવિ માની લે છે. આમ અહીં વીર અને વૃક્ષ વચ્ચે સરખામણી માત્ર નથી, પણ વીરને કવિ વૃક્ષ પોતે જ માની લે છે. પારિભાષિક રીતે કહિયે તો વીર જે ઉપમેય છે તેને વૃક્ષ જે ઉપમાન છે તેની સાથે એકરૂપ ગણેલ છે. આમ કરવાથી અહીં ઉપમા કરતાં જરી વધુ ખૂબી આવે છે. 'વીર્યમંજરી' માં વીરને વૃક્ષ ગણિયે તો પછી એનું વીરત્વ પ્રકાશે તે વીરરૂપી વૃક્ષની મંજરી ફોરી એમ જ કહેવાયને? આમ કહેવાથી વીર્ય અને મંજરી વચ્ચે એકરૂપતા આવે છે. વીર્ય મંજરી જેવું છે એમ નહીં પણ વીર્ય પોતે જ મંજરી છે એમ કવિ કહે છે. અહીં ધ્યાન રાખવું જોઇયે કે વીર્ય અને મંજરી વચ્ચે કંઇક સરખાપણું તો છે જ, નહિં તો એકરૂપતા ન બની શકે. પણ અહીં સરખામણી નથી દર્શાવી પણ એકરૂપતા દર્શાવી છે.

**આમ જ્યારે સરખામણી છાડી દઇને બે સરખી ચીજ વચ્ચે કવિ એકરૂપતા સિદ્ધ કરે ત્યારે રૂપક નામે અલંકાર**


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયો કહેવાય. પારિભાષિક રીતે કહિયે તો ઉપમેય અને ઉપમાનનું સામ્ય તે ઉપમા અને ઉપમેય અને ઉપમાનની એકરૂપતા તે રૂપક. અહીં 'વીર્ય' ઉપમેય છે અને 'મંજરી' ઉપમાન છે. તેને જો 'મંજરી જેવું વીર્ય' એમ કહિયે તો ઉપમા થઇ અને જો 'વીર્યરૂપી મંજરી' એમ કહિયે તો રૂપક થયું. આમ ઉપમાન અને ઉપમેય વચ્ચે એકરૂપતા હોય ત્યારે રૂપક કહેવાય.

પણ અહીં એક બીજી બાબત ધ્યાનમાં રાખવાની છે. વીર્ય-મંજરી એક સમાસ છે. આ સમાસ બે રીતે છોડી શકાય. 'મંજરી જેવું વીર્ય' એ એક રીત. (આમ સમાસ છોડિયે તો આ ઉપમાનો દાખલો બને) 'વીર્ય તેજ મંજરી' અથવા 'વીર્યરૂપી મંજરી' એમ સમાસ છોડીએ તે બીજી રીત; ત્યારે રૂપક થાય. હવે પ્રશ્ન એ થાય કે આવા પ્રસંગોએ ઉપમા છે કે રૂપક છે એમ કેમ સમજાય? આવા પ્રસંગોએ આખા યે વર્ણનનાં પરસ્પર સંબંધ ઉપર ધ્યાન આપવું પડે. ઘણે ભાગે સાધારણ ધર્મ આવી બાબતમાં નિશ્ચયાત્મક બને છે. અહીં 'ફોરી' સાધારણ ધર્મ છે. તે મંજરીને જ લાગુ પડે વીર્યને નહીં. વીર્ય કંઇ ફોરી શકે નહીં. મંજરી ફોરે ખઃ એટલે કવિ અહીં મુખ્ય સ્થાન મંજરીને આપવા માગે છે. ઉપમેય અને ઉપમાન બન્નેમાંથી જેની સાથે સાધારણ ધર્મ જાય તેને મુખ્ય સ્થાન મળ્યું છે એમ કહેવાય. આમ જ્યારે મુખ્ય સ્થાન ઉપમેયને નહીં પણ ઉપમાનને મળે ત્યારે રૂપક થાય, અને મુખ્ય સ્થાન ઉપમેયને મળે ત્યારે ઉપમા થાય. આટલું યાદ રાખનાર ઉપમા – રૂપકનો ભેદ બરાબર સમજી શકશે.

નીચેનાં બે વાક્યો તપાસો. (૧. મુખચન્દ્ર હસે છે. ૨. મુખચન્દ્ર પ્રકાશે છે. અહીં મુખ ઉપમેય છે, ચન્દ્ર ઉપમાન છે. હવે પહેલાં વાક્યમાં 'હસે છે.' સાધારણ ધર્મ છે તે મુખને 'લાગુ પડે, ચન્દ્રને।



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ. મુખ હસી શકે, ચન્દ્ર નહીં. માટે અહીં મુખને એટલે ઉપમેયને મુખ્ય સ્થાન મળ્યું છે માટે અહીં ઉપમા છે. તેથી 'મુખચન્દ્ર હસે છે' ને આપણે 'ચન્દ્ર જેવું મુખ હસે છે' એમ બોલવું જોઇયે. બીજાં વાક્યમાં 'પ્રકાશે છે' સાધારણ ધર્મ છે, તે ચન્દ્રનેજ લાગુ પડે છે, મુખને નહીં. આમ ચન્દ્ર એટલે ઉપમાનને અહિં મુખ્ય સ્થાન મળે છે. તેથી 'મુખચન્દ્ર પ્રકાશે છે' ને આપણે 'મુખરૂપી ચન્દ્ર પ્રકાશે છે' એમ બોલવું જોઇયે. આથી અહિં રૂપક છે. આમ ઉપમા-રૂપકનો ભેદ સમજવો.)

ઉપમાનાં જે ચાર આવશ્યક તત્ત્વો કહ્યાં તેમાંથી ઔપમ્યવાચિ તો રૂપકમાં હોય જ નહિં. બાકીનાં ત્રણ હોય.

૨ રૂપકના કેટલાક પ્રકારો શક્ય છે. દા. ત. મુખને ચન્દ્ર સાથે એકરૂપ ગણિયે ત્યારે રૂપક થાય. (મુખચન્દ્ર). પણ મુખને ચન્દ્રની સાથે એકરૂપ ગણિયે તો આખાં શરીરને આકાશની સાથે એકરૂપ ગણવું જાઇયે. કારણ આકાશમાં જેમ ચન્દ્ર તેમ શરીરમાં મુખ છે. તેમજ વળી હાથને ચન્દ્રકિરણો સાથે એકરૂપ ગણવા જોઇયે. આમ એક જ રૂપકને સાંગોપાંગ વ્યક્ત કરવું હોય તો બીજાં કેટલાંક રૂપકો આપણે વ્યક્ત કરવાં જોઇયે. મુખચન્દ્ર કહિયે તો પછી દેહવ્યોમ, કરકિરણ વગેરે રૂપકો મૂકવાં જોઇયે. આમાંથી મુખને મુખ્ય ગણિયે તો તેનાં અંગભૂત દેહ, કર વગેરેને ગૌણ ગણાય. તેમજ ચન્દ્રને મુખ્ય ગણિયે ત્યારે વ્યોમ અને કિરણ ગૌણ ગણાય તેથી 'મુખચન્દ્ર' મુખ્ય રૂપક અને 'દેહવ્યોમ' વગેરે ગૌણ રૂપકો કહેવાય. આમ આમાં મુખ્ય રૂપકમાં આવેલ ઉપમેય તથા ઉપમાનનાં અંગભૂત અવયવોથી બીજાં કેટલાંક ગૌણ રૂપકો બને. આમ જ્યાં મુખ્ય રૂપક તેમજ આવાં ગૌણ રૂપકો વ્યક્ત હોય ત્યાં **સાવયવ રૂપક** બને છે. પણ કોઇક વાર એમ બને કે મુખ્ય રૂપકને અનુરૂપ એકાદ ગૌણ રૂપક વ્યક્ત હોય, તો કોઇકવાર બધાં ગૌણ રૂપકો વ્યક્ત હોય. જ્યાં


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકાદ ગૌણ રૂપક વ્યક્ત હોય ત્યાં **એકદેશવિવર્તિ રૂપક** કહેવાય. (એકદેશવિવર્તિ એટલે એક ભાગ પૂરતું વર્ણન) અને જ્યાં બધાં ગૌણ રૂપકો વ્યક્ત હોય ત્યાં **સમસ્તવસ્તુવિષય રૂપક** કહેવાય. મુખચન્દ્ર, દેહવ્યોમ, કરકિરણ એમ બધાં રૂપકો હોય તો સાવયવ-સમસ્તવસ્તુવિષય રૂપક કહેવાય, કારણ તેમાં મુખ્ય રૂપકને લગતાં અવયવોનાં ગૌણ રૂપકો બનાવ્યા છે, અને તે વળી બની શકે તેટલાં બધાં બનાવ્યાં છે. પણ જો મુખચન્દ્ર અને કરકિરણ એમ બેજ હોય તો સાવયવ- એકદેશવિવર્તિ રૂપક કહેવાય. કારણ અહિં એકજ ગૌણ રૂપક વ્યક્ત છે. આમ સાવયવના બે પ્રકાર થાય ૧. સમસ્તવસ્તુ વિષય અને ૨. એકદેશવિવર્તિ.

**(૧) સાવયવ— સમસ્તવસ્તુવિષય**

[૭] નીલી સાડી સરસ ફુલની ભાતવાળી રૂપાળી
ને મુક્તાની રૂમઝુમ થતી મેખલા અબ્ધિકેરી,
હૈયે ઝીણી સરિત જળની સેરનાં મૌક્તિકોના
હારો વાળી લલિત અતિશે સ્હોય સૌરાષ્ટ્રનારી.

(ચંદ્રદ્રુત: મ. ઝવેરી)

અહીં સૌરાષ્ટ્ર કોઇ નારી છે એમ માની લીધું છે. તેથી સૌરાષ્ટ્રનારી એ રૂપક છે. તે મુખ્ય રૂપક છે. પછી સૌરાષ્ટ્રનું વર્ણન કરતાં કવિ હરિયાળી જમીન તથા ફુલો, અબ્ધિ અને સરિતજળનાં વર્ણન કરે છે. આ બધાં સૌરાષ્ટ્રનાં અવયવો છે. પણ આનું વર્ણન કરતાં તે દરેકને કવિ નારીનાં અમુક અવયવો સાથે એકરૂપ ગણે છે. હરિયાળી જમીન તથા ફુલોને કવિ 'ફુલની ભાતવાળી નીલી સાડી' સાથે એકરૂપ ગણે છે. આ એક ઉપરૂપક (ગૌણ રૂપક),સમુદ્રને મોતીની મેખલા સાથે એકરૂપ ગણે છે. આ બીજું ઉપરૂપક. સરિતજળને ઝીણી સેરની સાથે એકરૂપ ગણે છે. આ ત્રીજું ઉપરૂપક. સૌરાષ્ટ્રનારી એ મુખ્ય રૂપકને અનુરૂપ બીજાં ત્રણ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરૂપકો મૂક્યાં છે તેથી આ સમસ્તવસ્તુવિષયનું ઉદાહરણ બને છે.

(૨) સાવયવ–એકદેશવિવર્તિ

[૩] જ્યોત્સ્નાસાડી ઝળહળ થતી, મેખલા દીપકોની,
 પીણો કેરાં સ્મિતથી હસતી હોય જાણે ઉમાને
 વિસ્તીર્ણા એ નગપતિ તણી નન્દિની જાહ્નવીને,
 જોતી જોજે કનખલ વિશે મત્ત સંમોહિની શી.
 (ચન્દ્રદૂતઃ મ. ઝવેરી)

અહીં 'જ્યોત્સ્ના તે જ સાડી', 'દીપક તે જ મેખલા' અને 'પીણ તે જ સ્મિત' એમ ઉપરાઉપરી ત્રણ રૂપકો છે. આમાં જ્યોત્સ્ના (શુભ્રતા), દીપકો અને પીણ એ ત્રણે જાહ્નવીનાં અંગો છે. તેને અનુક્રમે સાડી, મેખલા અને સ્મિતની સાથે એકરૂપ માન્યાં છે. આમ અહીં ત્રણ રૂપકો છે. પણ આ ત્રણે ઉપરૂપકો છે. કારણ કે આ ત્રણે જેના ઉપર અવલંબે છે તે જાહ્નવીને સ્ત્રીનું રૂપક આપવું જોઇયે પણ આપ્યું નથી. જો જાહ્નવીને સ્ત્રીનું રૂપક આપ્યું હોત તો આ સમસ્તવસ્તુવિષયનો દાખલો બનત. પણ તે રૂપક તો સૂચિત જ છે, વ્યક્ત નથી. તેથી આને એકદેશવિવર્તિ રૂપક કહેવું પડે. અહીં જાહ્નવીને નગપતિની નન્દિની કહી છે એટલે રૂપક થયું એમ ન ગણાય. કારણ જાહ્નવી તો ખરેખર હિમાલયની પુત્રી ગણાય છે. રૂપકમાં તો કાલ્પનિક એકરૂપતા સિધ્ધ તરીકે મનાવી જોઇયે. આથી આ એકદેશ-વિવર્તિ રૂપક જ છે.

આમ સાવયવના બે પ્રકાર થાય. પણ જ્યાં મુખ્ય રૂપકનાં કોઈ પણ અવયવનો ઉલ્લેખ ન હોય ત્યાં **નિરવયવ રૂપક** ગણાય. આના બે પ્રકાર છે. **માલારૂપક** અને **કેવલરૂપક**. જ્યાં મુખ્ય વસ્તુને વારાફરતી ઘણી ચીજો સાથે એકરૂપ ગણી હોય


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં માલારૂપક અને જ્યાં મુખ્ય વસ્તુને એકજ ચીજ સાથે એકરૂપ ગણી હોય ત્યાં કેવલરૂપક થાય. આમ નિરવયવના બે પ્રકાર ૧ માલારૂપક અને ૨ કેવલરૂપક.

(૩) નિરવયવી—કેવલરૂપક

[૪] પ્હણે નગરપાદરે બકુલવૃક્ષ કેરી ઘટા
વિશાળ, મન રંજતો, અતલ પ્રેમવાપી જ્યહાં
ગંભીર વળી ભવ્ય (કિન્તુ રમણીય એની છટા)
ઉભો જ ગત કાલના અમર શેષ જેવો મહા.

(ચ. ઉ. પટેલ)

અહીં 'પ્રેમવાપી'માં રૂપકનો આ પ્રકાર છે. 'પ્રેમરૂપી વાપી' એમ અર્થ છે. આથી એ રૂપક તો છે જ. પણ પછી પ્રેમનાં આ મુખ્ય રૂપકને અનુરૂપ તેના ભાવાદિનાં રૂપકો આવ્યા નથી તેથી તે નિરવયવી બને, તેમજ અહીં પ્રેમને વાપીની સાથે જ એકરૂપ ગણ્યો છે, તેથી કેવલ. આમ આ નિરવયવી કેવલ-રૂપક છે.

(૪) નિરવયવી—માલારૂપક

[૫] "હિમાલય—ધર્મનું પિયેર, સાધકોનું મોસાળ, અને અવધૂતની પથારી છે"

અહીં હિમાલયને વારાફરતી પિયેર, મોસાળ અને પથારી સાથે એકરૂપ ગણ્યો છે તેથી માલારૂપક તો બને છે, પણ હિમાલય-નાં બીજાં અંગોનું વર્ણન નથી તેથી નિરવયવી છે. આમ આ નિરવયવી-માલારૂપક છે.

રૂપકના એક પ્રકારને પરમ્પરિત કહેવાય છે. જ્યારે એક રૂપક બીજા રૂપકનું કારણ બને ત્યારે પરમ્પરિત રૂપક કહેવાય. જેમકે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

[૬] સ્નેહવેલના ક્યારામાં  સીંચીશું  ઉર હરખાઇ
પ્રિયગુણગાનફુલો  ગૂંથી ધરશું પ્રિય પદ માંહિ
પ્રિય સંગે  પ્રિય સંગે
આનન્દીશું  પ્રિય સંગે
(ગજેન્દ્રમૌક્તિકો : ગજેન્દ્ર બુચ)

અહીં 'સ્નેહરૂપી વેલ' એમ કહીને સ્નેહને વેલનું રૂપક આપ્યું છે તેથી સ્નેહની ઉપર અવલંબતા પ્રિયગુણગાનને વેલની ઉપર અવલંબતાં ફૂલોનું રૂપક આપવું પડ્યું છે. આમ પહેલું રૂપક બીજા રૂપકનું કારણ બને છે તેથી પરમ્પરિત રૂપક [૨] માં પણ સૌરાષ્ટ્રને નારીનું રૂપક આપ્યું તેને પરિણામે હરિયાળી જમીન તથા ફુલો, અબ્ધિ તથા સરિત જળને સાડી, મેખલા અને સરનાં રૂપકો આપવાં પડ્યાં છે તેથી ત્યાં પણ આ પરમ્પરિત પ્રકાર છે.

**નીચેના કાવ્યખંડોમાં આવેલા રૂપકપ્રકારો શોધો**

૧ પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઇ ફુલી રહ્યો આકાશે.
૨ મનજી મુસાફર રે ચાલો નિજ દેશ ભણી.
૩ નીતિતુંબી ભવસિંધુને તરાવે.
૪ અમે વહાણે ચડ્યા પ્રેમાનન્દને
કર જગત બધાને જુહાર રે
હોડી માછીડા વહેલી હંકારજે
૫ નહિં તે કંઇ દોષભર્યાં નયનો
પણ નિર્મળ નેહ સરોવરસારસ-
-યુગ્મસમાં પરિપૂર્ણ દયારસ
એ જખમી દિલનાં શયનો.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૬ સાડી ધરી રજનિ બધી કાળી,
તારા તારાની રચિત ચોળી;
૭ અન્ધારછાયા ભૂમિ અંગડાંકે
ત્યાં પૂછ્યું મ્હેં એકલી કન્યકાને
૮ જય જય મા મારી
સ્વર્ગંગા સેંથો મા તારો
માનસસર શિરમણિ રૂપાળો
ભાલ ત્રિવલ્લિ વિમલ હિમહારો
( બ. ક. ઠાકોર )

( વગેરે આખું કાવ્ય રૂપકોથી ભરપૂર છે )

## ૪

## ઉત્પ્રેક્ષા

૧ ઉત્પ્રેક્ષાને પણ ઉપમા સાથે ગાઢ સમ્બન્ધ છે. દાખલો લઇએ.

[૧] વેલ જાણે હેમની અવેવ ફૂલે ફૂલી
( પ્રેમાનન્દ )

અહીં દમયંતીનાં શરીરનું વર્ણન કરતાં કવિ શરીરને હેમની વેલ સાથે સરખાવે છે એટલું જ નહીં, પણ બેયને લગભગ એકરૂપ માને છે, " એનું શરીર જાણે કે હેમની વેલ પોતે જ છે ' એમ કહે છે. આ છેલ્લાં વાક્યમાંથી ' જાણે કે ' લઇ લઇએ અને ' એનું શરીર હેમની વેલ પોતે જ છે ' એમ કહિયે તો રૂપક બની જાય. આમ ઉત્પ્રેક્ષા ઉપમા અને રૂપકની વચ્ચે આવી રહે છે. ઉપમામાં ઉપમેય તથા ઉપમાનનું સામ્ય છે; રૂપકમાં ઉપમેયની ઉપમાનની સાથે એકરૂપતા; અને ઉત્પ્રેક્ષામાં ઉપમેય ઉપમાનની સાથે લગભગ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકરૂપ થાય છે. અહીં એટલું ધ્યાનમાં રાખવું કે આ એકરૂપતા કાલ્પનિક હોય છે. **આમ ઉપમેયને ઉપમાનરૂપ કલ્પવું તે ઉત્પ્રેક્ષા.** અહીં વળી એમ ધ્યાનમાં રાખવું જોઇએ કે ઉત્પ્રેક્ષામાં આ એકરૂપતાની કલ્પના માત્ર છે અને તે કલ્પના છે એમ બોલનાર પોતે જાણે છે. ( ' જાણે કે ' શબ્દોથી આ કલ્પનાની બોલનારને જાણ છે એમ સમજાય છે. ) રૂપકમાં તો આ એકરૂપતા સિદ્ધ વાત તરીકે સ્વીકારાય છે. ત્યાં અનિશ્ચિતતા નથી; ત્યાં નિર્ણયાત્મક રીતે બોલનાર બન્નેને એકરૂપ માને છે. વળી એ પણ સમજવું જોઇએ કે ઉત્પ્રેક્ષા બે વસ્તુની વચ્ચે હોય છે આ બે વસ્તુઓ વચ્ચે સરખાપણું હોવું જોઇયે.

સામાન્ય રીતે ઉત્પ્રેક્ષાના વાચક શબ્દો 'જાણે' જાણે કે, શું, શકે ' વગેરે છે.

૨. ઉત્પ્રેક્ષાના પણ કેટલાક પ્રકારો અલંકારશાસ્ત્રીઓએ સ્વીકાર્યા છે. જ્યારે ઉત્પ્રેક્ષાવાચક ' જાણે ' વગેરે શબ્દોમાંથી કોઇ પણ હાજર હોય ત્યારે તેને **વાચ્યોત્પ્રેક્ષા** કહેવાય છે. અને જ્યારે એવો કોઇ શબ્દ હાજર ન હોય ત્યારે તેને **પ્રતીયમાનોત્પ્રેક્ષા** કહેવાય છે. બહુ અંધારૂં હોય ત્યારે કોઇ એમ કહે " એટલું બધું અંધારૂં છે કે જાણે આકાશમાથી કાજળ વરસે છે ' તો એમાં ઉત્પ્રેક્ષા છે. અંધારૂં કાળું છે. કાજળ પણ કાળો છે. તેથી તેમાં સામ્ય છે. પણ અંધારૂં કેમ જાણે કાજળ હોય તેમ કહ્યું છે તેથી ઉત્પ્રેક્ષા. ( અંધારૂં કાજળ છે એમ નથી કહ્યું, નહીં તો રૂપક થાત. ) વળી ' જાણે કે ' શબ્દ છે તેથી વાચ્યોત્પ્રક્ષા છે. પણ જો એમ કહે કે " આકાશમાંથી કાજળ વરસતો હોય એમ લાગે છે ' તો તે પ્રતીયમનિાનો દાખલો થાય. અહીં ઉત્પ્રેક્ષા સીધી બતાવાતી નથી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વાચ્યા અને પ્રતીયમાનાના પણ વધુ પ્રકારો શક્ય છે. **જેની ઉત્પ્રેક્ષા કરાઈ હોય તે * જાતિ, ગુણ, દ્રવ્ય કે ક્રિયા હોય, તેમ** આ દરેકના ચાર ચાર ભાગ પડે. આમ આઠ.

ઉત્પ્રેક્ષા
- વાચ્યા
  - ૧. જાતિ
  - ૨. ગુણ
  - ૩. ક્રિયા
  - ૪. દ્રવ્ય
- પ્રતીયમાના
  - ૫. જાતિ
  - ૬. ગુણ
  - ૭. ક્રિયા
  - ૮. દ્રવ્ય

દાખલા લઈએ

(૧) વાચ્યોત્પ્રેક્ષા-દ્રવ્ય

[૧] ઓઢીને કૌમુદી જાણે નીંદરે નવયૌવના
અજાણ્યે ગોપહૈયામાં હિલ્લોળે રસભાવના. (ભાનુ)

ગોપીએ સફેદ ચાદર ઓઢી છે તેથી કવિ કલ્પના કરે છે કે સફેદ ચાદર કેમ જાણે કૌમુદી જેવી ન હોય! આમ કૌમુદી અને ચાદરને લગભગ એકરૂપ ગણી છે. માટે ઉત્પ્રેક્ષા અને 'જાણે' શબ્દ છે માટે વાચ્યોત્પ્રેક્ષા. અહીં કૌમુદીની ઉત્પ્રેક્ષા છે માટે દ્રવ્યની ઉત્પ્રેક્ષા છે.

(૨) વાચ્યોત્પ્રેક્ષા-ક્રિયા

[૩] આવી યુવા અમર લોકની એક દેવી,
લાવી ઉજાસ ઉડતાં નિજ અંબરોમાં.
એ પાંખના સુસવતા પવનો અડ્યા ત્યાં
જાણે કંઈ ઝણઝણ્યા ઉરતાર ઝીણું.
(ગજેન્દ્ર બુચ)

---

* જાતિ એટલે આપણે જેને 'સામાન્ય નામ' કહિયે તેવા શબ્દો. દ્રવ્ય એટલે આપણે જેને 'સંજ્ઞાવાચક' અથવા 'વિશેષ' નામ કહિયે તેવા શબ્દો. ગુણ અને ક્રિયા તો સમજાય તેવાં છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'ઉરતારો જાણે કે ઝણઝણ્યા' એમ અહીં ઉત્પ્રેક્ષા છે. અહીં પવનના સુસવાટ અડવાને પરિણામે થતી ઝણઝણાટની ક્રિયા કવિ કલ્પે છે, તેથી ક્રિયામાંથી ઉત્પ્રેક્ષા ઉદ્‌ભવે છે. અને જાણે 'શબ્દ' છે તેથી વાચ્યોત્પ્રેક્ષા છે.

(૩) વાચ્યોત્પ્રેક્ષા–જાતિ

[૪] એનાં નીર અગાધ અને વળી શીતળાં,
એને ઉર અગમ તણા અંધાર જો,
જાણે જામી સપનવિરહોણી નીંદડી. (ગજેન્દ્ર બુચ)

અહીં અંધારને નીંદડી સાથે એકરૂપ કલ્પી છે. બન્ને સરખાં નથી, તેમ એકરૂપ પણ નથી, પણ એકરૂપ છે એમ કવિ કલ્પે છે. આથી ઉત્પ્રેક્ષા. 'જાણે' શબ્દ છે માટે વાચ્યોત્પ્રેક્ષા. નીંદડી કલ્પી છે તે જાતિ છે માટે જાતિમાંથી આ ઉત્પ્રેક્ષા ઉદ્‌ભવે છે.

(૪) વાચ્યોત્પ્રેક્ષા–ગુણ

[૫] તે મધ્યે આ હિમાદ્રિવિરહવિપદના શોકથી સ્તબ્ધ જેવો,
ઉંચી દૃષ્ટિ કરીને જનકપથ ભણી ધ્યાનથી જોઇ રહેતો.
દેવો ને માનવોનાં મધુમિલન તણાં સ્થાનસંકેત જેવો,
દેવી વૈમાનિકોનાં વિરતિભવન શો સિદ્ધ શૈલેશ ઊભો.
(બોટાદકર)

અહીં પ્રથમ ચરણમાં 'શોકથી સ્તબ્ધ જેવો' એમ છે તેમાં 'જેવો' થી કંઇ ઉપમા વ્યક્ત નથી, પણ ઉત્પ્રેક્ષા વ્યક્ત છે. તેથી વાચ્યોત્પ્રેક્ષા. વળી 'સ્તબ્ધ હતો' એમ કલ્પ્યું છે માટે ગુણમાંથી આ કલ્પના ઉદ્‌ભવે છે.

(૫) પ્રતીયમાના – જાતિ

[૬] અંતરીક્ષે ખર્યું આ શું આસું કો અપ્સરા તણું ?
પ્રિયાની પાંપણેથી વા આત્માકેરું અમી ભર્યું ?
( ગજેન્દ્ર બુચ )


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરદ પુનમનો ચન્દ્ર જોઇ કવિની કલ્પના ઉત્તેજાય છે અને પ્રશ્ન પૂછાય છે " આ શું અપ્સરાનું આંસુ છે ? " એનો અર્થ ' ચન્દ્ર કેમ જાણે અપ્સરાનું આંસુ ન હોય તેવો દેખાય છે ' એમ થાય. આથી એ પહેલી લીટીમાં ' જાણે ' કે એવો બીજો કોઈ ઉત્પ્રેક્ષાવાચક શબ્દ વપરાતો નથી છતાં ત્યાં ઉત્પ્રેક્ષા છે; પણ એવા કોઈ ઉત્પ્રેક્ષાવાચક શબ્દને અભાવે તેને પ્રતીયમાના ઉત્પ્રેક્ષા કહેવાય. આંસુની કલ્પના છે માટે જાતિમાંથી કલ્પના ઉદ્દભવે છે. બીજી લીટીમાં પણ એજ પ્રકાર છે.

(૬) પ્રતીયમાના – ક્રિયા

[૭] એ કુદરત ખોળે ઉડશે તુજ કલ્પના
પીંજરપૂર્યાં પંખી વછૂટયાં હોય જો !
સરી પડશે અવગુંઠના તારા પાયમાં
( ગજેન્દ્ર બુચ )

અહીં પણ 'તારી કલ્પના કુદરત ખોળે ઉડશે તે કેમ જાણે પાંજરામાં પૂરી રાખેલાં પંખી જોરથી ભાગ્યાં હોય નહીં એવું લાગે છે ' એમ કલ્પના છે. પણ મૂળમાં ' જાણે ' કે એવો ઉત્પ્રેક્ષાવાચક નથી છતાં કલ્પના છે માટે પ્રતીયમાનોત્પ્રેક્ષા. વછૂટવાની કલ્પના છે માટે ક્રિયાથી કલ્પના છે.

(૭) પ્રતીયમાના – દ્રવ્ય

[૮] ખાવામાં આ તો ભીમ લાગે છે.

અહીં પ્રસ્તુત પુરૂષને ભીમની સાથે એકરૂપ કલ્પ્યો છે, પણ આ કલ્પનાની બોલનારને ખબર છે એમ ' લાગે છે ' શબ્દોથી જણાય છે. તેથી અહીં ઉત્પ્રેક્ષા છે, રૂપક નથી. અને ' જાણે ' કે એવો ઉત્પ્રેક્ષાવાચક નથી તેથી પ્રતીયમાના. ભીમની કલ્પના છે માટે દ્રવ્ય.

(૮) પ્રતીયમાના – ગુણ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૯) "—તેથી આખો બગીચો સૂતેલો હોય એમ લાગતું હતું"
અહીં સૂતેલો બગીચો એમ કહી શકાય નહીં તેથી બગીચાને કોઇ પ્રાણી સાથે એકરૂપ કલ્પીને પછી પ્રાણીનો ગુણ 'સૂતેલો' તે બગીચામાં કલ્પ્યો છે. આમ અહીં ઉત્પ્રેક્ષા છે, તે 'જાણે' વગેરેના અભાવથી પ્રતીયમાના છે અને 'સૂતેલો' શબ્દથી આ ઉત્પ્રેક્ષા ગુણને અનુલક્ષીને છે એમ સમજાય છે.

**નીચેના કાવ્યખંડોમાં આવેલી ઉત્પ્રેક્ષાના પ્રકારો શોધો.**

૧ જુવો જુવો આ રવિ દિવ્યકાય, ભૂમી ભણી તે નમતો જણાય
જાણે ચડેલો અમરાપુરીમાં પતંગ દીસે પડતો મહીંમાં.

૨ શું નાસ્યા ગજેએ હરિ પંચ મોટા !
તડી ગર્જતાં એમ ઉચ્ચારમાં રે.

૩ રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા,
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા.

૪ એવે સુણાય રસનિર્ઝરતા સરોદ
જાણે સ્રવે યુવતિના ઉરથી પ્રમોદ.

## ૫

## અપ્રસ્તુતપ્રશંસા

આ અલંકાર સમજ્યા પહેલાં પ્રસ્તુત અને અપ્રસ્તુત–એ બે શબ્દો પૂરા સમજી લેવા જોઇએ. પ્રસ્તુત એટલે ચાલતો વિષય, જે ચીજનું વર્ણન કરતા હોઇએ તે ચીજ. અપ્રસ્તુત એટલે જેનું વર્ણન નથી કરતા, પણ કોઇક કારણસર (ઉપમા આપવા કે એવાં કોઇ કારણસર) જેને વર્ણનમાં ભેળવવામાં આવે તે ચીજ. ઉપમેય પ્રસ્તુત કહેવાય. ઉપમાન અપ્રસ્તુત કહેવાય. સ્ત્રીનું મુખ જોઇ કોઇ કહે 'એ ચન્દ્ર કેવો પ્રકાશે છે!' ત્યારે મુખ પ્રસ્તુત છે અને ચન્દ્ર અપ્રસ્તુત છે. કારણ કે બોલનારને મુખનું વર્ણન


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવું છે, પણ મુખને ચન્દ્ર સાથે એકરૂપ માનીને પછી મુખને બદલે ચન્દ્રનું વર્ણન કરવું છે.

જ્યારે અપ્રસ્તુતનાં વર્ણનમાંથી પ્રસ્તુતનું વર્ણન સૂચવાય ત્યારે અપ્રસ્તુતપ્રશંસા બને. આ અલંકારમાં 'પ્રશંસા' નો અર્થ વર્ણન કરવાનો છે, વખાણ નહીં. એટલે અપ્રસ્તુતનું વર્ણન હોય, પણ બોલનારના હેતુ મુજબ તેમાંથી પ્રસ્તુતનું વર્ણન નીકળે તો અપ્રસ્તુતપ્રશંસા બને.

આ અલંકારને અન્યોક્તિ પણ કહે છે.

આના કેટલાક પ્રકાર બની શકે. બે સરખી ચીજોમાંથી એક અપ્રસ્તુત હોય અને બીજી પ્રસ્તુત હોય અને અપ્રસ્તુતમાંથી પ્રસ્તુતનું સૂચન થતું હોય ત્યારે આ અલંકાર બને. પણ આવી બે ચીજો વચ્ચેનું સામ્ય દેખીતું જ હોય ત્યારે એક પ્રકાર (સાદૃશ્ય માત્ર), અને જ્યારે આ સામ્ય *શ્લેષથી બહાર આવતું હોય ત્યારે બીજો પ્રકાર. વળી °સામાન્યમાંથી વિશેષ સૂચવાય અને વિશેષમાંથી

---

* શ્લેષ નામે એક શબ્દાલંકાર તેમજ અર્થાલંકાર છે.જ્યારે એક જ શબ્દના બે અર્થ થતા હોય ત્યારે તે શબ્દ ઉપર શ્લેષ છે એમ કહેવાય શ્લેષ શબ્દ શ્લિષ્ ધાતુ ઉપરથી આવ્યો છે. શ્લિષ્ એટલે ભેટવું. જે શબ્દમાં બે અર્થો ભેટીને પડ્યા હોય એટલે સાથેલાગા સમાયા હોય તેમાં શ્લેષ કહેવાય.

'સૂર્યે પોતાના કરથી કમલિનીનાં આંસુ લોયાં'

આમાં 'કર' ના બે અર્થ થાય. ૧ હાથ અને ૨. કિરણ આમ શ્લેષમાં બે અર્થો એકજ શબ્દના થતા હોય.

° વિશેષ એટલે વ્યક્તિ. કોઇ પણ વ્યક્તિગત વાત હોય ત્યારે એને વિશેષની વાત કહેવાય. પણ જ્યારે સર્વસામાન્ય વાત કરિયે ત્યારે સામાન્ય કહેવાય. વિશેષ એટલે particular સામાન્ય એટલે general.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સામાન્ય સૂચવાય ત્યારે બીજા બે પ્રકાર બને. આમ કૂલ ચાર પ્રકારો છે.

### (૧) સાદૃશ્યમાત્રમૂલા—અપ્રસ્તુતપ્રશંસા. (આશ્લેષ્યા)

[૧] પણ ઉંચા નભના સંચારી પક્ષીરાજ તું આવ્યો આ
ધરતી પર ત્યાંથી ઉંડ પાછો ; પક્ષહીન નો દેશજ આ
ફફડાવી પાંખો સોનેરી રચ રસયંત્ર તું રસધરમાં
વિશાળ વ્યોમ માપી લે ને ન્હા સૂર્યકિરણનાં સરવરમાં.
( ગોવર્ધનરામ )

અહીં પક્ષીરાજનાં આવાં વર્ણનથી કોઇ ઉચ્ચ આદર્શવાળો પુરૂષ ખાબોચિયાં જેવાં મનવાળા લોકોના પ્રદેશમાં આવી પડયો છે એમ સૂચવાય છે. અહીં એ ઉચ્ચાભિલાષી પુરૂષ – સરસ્વતીચન્દ્ર – પ્રસ્તુત છે. કારણ આ વચનો કુમુદસુન્દરી સરસ્વતીચન્દ્રને સંબોધીને કહે છે. એટલે આ ઉચ્ચાભિલાષી પુરૂષ જે પ્રસ્તુત છે તે આમ અપ્રસ્તુત પક્ષીરાજનાં વર્ણનથી સૂચવાય છે માટે અપ્રસ્તુતપ્રશંસા. અહીં ત્રીજી અને ચોથી લીટીમાં કેટલાક શબ્દો ઉપર શ્લેષ છે, તેથી આને શ્લેષમૂલક પ્રકાર ન ગણાય, કારણ કે મૂળ શબ્દ પક્ષીરાજમાં શ્લેષ નથી.

### (૨) સાદૃશ્યમૂલા

(૨) કલાપી, કેકા ! મધુર રવ રેલ, કલાપી.
મીઠી મધુર ઝરણી તુજ કંઠની
વસિદ ૦ ઉર એ વસેલ – કલાપી
( છો. લ. દવે )



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહીં કવિ કલાપીને સંબોધન પ્રસ્તુત છે, પણ તેને બદલે કલાપી કહેતાં મોરને (જે અપ્રસ્તુત છે તેને) ઉદ્દેશીને કવિ બોલે છે તેથી અપ્રસ્તુતપ્રશંસા. અહીં કલાપી જે મૂળ વર્ણનનો વિષય છે તેના ઉપર શ્લેષ છે. કલાપી એટલે મોર અને કલાપી એટલે સુરસિંહજી ઠાકોર. એટલે આ શ્લેષમૂલક પ્રકાર છે.

**(૩) સામાન્યમાંથી વિશેષ સૂચવાય છે.**

[૩] તરણાં ઓથે ડુંગર રે ડુંગર કોઇ દેખે નહીં
અજાજૂથ માંહે રે સમરથ ગાજે સહી.

(અખો)

આખો યે ડુંગર જેમ તરણાંથી એટલે ખડથી ઢંકાઈ રહ્યો છે અને તેને કોઇ દેખી શકતું નથી. તેમજ બ્રહ્મ માયાથી ઢંકાઇ ગયું છે તેને કોઇ દેખતું નથી. 'બ્રહ્મને કોઇ દેખી શકતું નથી' એ સામાન્ય વાત ડુંગરની ખાસ વાતથી અહીં સૂચવાય છે. બ્રહ્મનુ વર્ણન પ્રસ્તુત છે, ડુંગરનું અપ્રસ્તુત છે, આથી અપ્રસ્તુત-પ્રશંસા.

**(૪) વિશેષમાંથી સામાન્ય સૂચવાય છે.**

[૪] શ્યામ ઉગારી રણ રહે એ રજપુતાં રીત
જ્યાં લગ પાણી આવટે ત્યાં લગ દૂધ નચિન્ત

(કંઠસ્થ દૂહો)

અહીં 'રજપુત બેઠા હોય ત્યાં સુધી ધણીને કાંઈ ચિન્તા નથી' એ સામાન્ય વાત પ્રસ્તુત છે. તેનું સૂચન 'પાણી હોય ત્યાં સુધી દૂધ બળતું નથી' એ વિશેષ વાતમાંથી (જે અપ્રસ્તુત છે તેમાંથી) થાય છે. માટે અપ્રસ્તુતપ્રશંસા.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપરાંત આલંકારિકો બીજા બે પ્રકાર સ્વીકારે છે. (૧) કારણમાંથી કાર્ય સૂચવાય તે (૨) કાર્યમાંથી કારણ સૂચવાય તે. પણ આ બન્ને પ્રકારો સ્પષ્ટ નથી બનતા એટલે શરુવાતના અભ્યાસ માટે યોગ્ય ન ગણાય.

પહેલા પ્રકારમાં કેટલાક મુંઝાઇ જવાનો સંભવ છે. તેમને એમાં રૂપક લાગે. પણ રૂપકમાં અને અપ્રસ્તુતપ્રશંસામાં તફાવત છે. રૂપકમાં ઉપમાન અને ઉપમેય, જે બે વચ્ચે એકરૂપતા સ્થાપિત કરી હોય તે બન્ને વ્યકત હોય. અહીં તો માત્ર ઉપમાન જ (એ અપ્રસ્તુત હોય) વ્યકત હોય, ઉપમેય તો હોયજ નહીં. તેમ વળી બીજું પણ યાદ રાખવું કે આ અલંકાર અપ્રસ્તુતના વર્ણનમાંથી પ્રસ્તુત સમજાય ત્યારે જ થાય છે. એથી ઉધું જો પ્રસ્તુતના વર્ણનમાંથી અપ્રસ્તુત સમજાય તો સમાસોક્તિ અલંકાર બને છે. આ સમાસોક્તિમાં ઉપમેય જ વ્યકત હોય અને ઉપમાન વ્યકત હોય જ નહીં.

## ૬
## અર્થાન્તરન્યાસ

જ્યારે અમુક વસ્તુની ખાસ વાત કરતા હોઇયે અને તેના ટેકામાં સામાન્ય વાત મૂકિયે ત્યારે અર્થાન્તરન્યાસ બને, અથવા કોઈ સામાન્ય વાત કરતાં હોઈયે તેના ટેકામાં કોઇ ખાસ વાત મૂકિયે ત્યારે અર્થાન્તરન્યાસ થાય. 'રામ દશરથની પેઠે બહુ ધર્મશીલ છે' એ વાકયના ટેકામાં 'બાપ તેવા બેટા' એમ કોઇ કહે ત્યારે એક વિશેષ વાતને સામાન્ય વાતથી ટેકો મળે છે. એથી ઉલટું, 'બાપ તેવા બેટા' એ સામાન્ય કથનના ટેકામાં 'રામ દશરથ જેવા હતા' એમ કોઈ કહે ત્યારે સામાન્ય વાતને વિશેષ વાતનો ટેકો મળે છે. આમ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

/વિશેષને સામાન્યનો અથવા સામાન્યને વિશેષનો ટેકો આપિયે ત્યારે અર્થાન્તરન્યાસ બને. દાખલા લઇયે./

**(૧) સામાન્યને વિશેષનો આધાર**

[૧] કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે.
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે.
(કલાપી)

અહીં બોલનાર પહેલાં એક સર્વસામાન્ય વાત મૂકે છે કે 'લાખો નિરાશામા પણ આશા જેવું કંઇક હંમેશાં હોય છે.' અને પછી તે સામાન્ય વાતને એક ખાસ વાતથી ટેકો આપે છે. સનમનાં ક્રૂર ખંજરમાં પણ દયા હોય છે.' આમ અહીં સામાન્યને વિશેષનો ટેકો મળે છે તેથી અર્થાન્તરન્યાસ બને છે.

**(૨) વિશેષને સામાન્યનો આધાર**

[૨] અવનિપરથી નભ ચડયું વારિ પડે જ પાછું ત્યાંને ત્યાં;
ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સરજાયું આ અવનિમાં.
(ગોવર્ધનરામ)

[૩] દ્યુતિ જે તને જીવાડતી દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી
(કલાપી)

અહીં પહેલાં ઉદાહરણમાં એક ખાસ વાત કહી છે: 'જમીન ઉપરથી આકાશમાં ચડેલું પાણી ત્યાં ઝાઝી વાર ટકી શકતું નથી.' તેના ટેકામાં એક સામાન્ય કથન કર્યું છે. 'ટૂંકું કર્મ આ અવનિમાં ટૂંકું રહેવાને જ સરજાયું છે.'

એમ જ બીજાં ઉદાહરણમાં આગિયાને ઉદ્દેશીને કવિ ખાસ તેની જ વાત કરે છે: 'તારો જે ચળકાટ તને જીવાડે છે તે જ તને મારે છે' અને તેના ટેકામાં સર્વસામાન્ય વાત મૂકે છે, 'કુદરતનો ક્રમ છે કે જે પોષે તે મારે.' આમ આ બન્ને


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણોમાં વિશેષને સામાન્યનો ટેકો મળે છે માટે અર્થાન્તરન્યાસ બને છે.

ઉપરનાં બન્ને પ્રકારોમાં મૂળ વાતને ટેકો આપનારૂં જે વાકય છે તેમાં સાધર્મ્ય (Positive idea) છે, વૈધર્મ્ય નથી. 'જેમ લાખો નિરાશામાં પણ આશા દેખાય છે તેમ જ સનમનાં ક્રૂર ખંજરમાં દયા દેખાય છે' માં બન્ને વાકયોમાં સરખાપણું છે એટલે એમાં સાધર્મ્ય કહેવાય. (આ સાધર્મ્ય જેમ)-તેમથી સૂચવાય છે), પણ જો એમ કહ્યું હોય કે 'આટઆટલી અરજ કરી છતાં તે દુઃખ દે છે.' 'દુર્જન પાત્ર વિનયથી શાન્ત થતોજ નથી.' તો એમાં બે વાકયોમાં વિરોધ છે માટે તેમાં વૈધર્મ્ય એટલે અસરખાપણું છે એમ કહેવાય. (આ વૈધર્મ્ય પણથી સૂચવાય છે.)

આમ ઉપલા બન્ને પ્રકારોમાં વૈધર્મ્ય સંભવે છે. માટે અર્થાન્તરન્યાસના કુલ ચાર પ્રકારો થશે. બે ઉપર મુજબ અને બે નીચે મુજબ.

### (૩) વિશેષને સામાન્યનો આધાર (વૈધર્મ્યથી)

[૪] 'દુઃખોથી હણાયા છતાં તેણે પિતાનો હુકમ પાળ્યો, સત્પુરૂષો વડિલોની આજ્ઞા કદી ઉલ્લંઘતા નથી.'

અહીં પહેલી લીટીમાં એક ખાસ વ્યકિતની વાત છે કે તેણે હુકમ પાળ્યો. તેના ટેકામાં તેનાથી વિરોધી એવું એક વાકય મૂક્યું છે તેમાં સામાન્ય વાત છે. 'ઉલ્લંઘતા નથી' એમાં વૈધર્મ્ય છે પણ તે ખરૂં નથી કારણ એનો અર્થ 'પાળે છે' એવો છે એટલે તે પહેલાં વાકયને બરાબર ટેકો આપે છે. આથી જણાશે કે આવી જગ્યાએ જે વૈધર્મ્ય હોય તે ખરૂં ન હોય.

### (૩) સામાન્યને વિશેષનો આધાર (વૈધર્મ્યથી)

[૫] 'ખરા પ્રેમને નાત જાતનાં બન્ધન નથી. વિષ્ણુએ કુબ્જાનાં બોર અતિપ્રેમથી ખાધાં હતાં.'


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહીં પહેલાં એક સામાન્ય વાત મૂકી છે. તેનાથી વિરુદ્ધ જતી લાગે તેવી એક વિશેષ વાત તેના ટેકામાં મૂકી છે. આથી વૈધર્મ્ય. પણ આ વૈધર્મ્ય ખરું નથી. આવા પ્રસંગોએ વિરોધ નકારાત્મક અને હકારાત્મક વાક્યોથી જ સૂચવાય છે. આ વિરોધ ખરો હોતો નથી.

૬

## વ્યાજસ્તુતિ

વ્યાજસ્તુતિ એટલે કંઇક બહાના તળે સ્તુતિ કરવી તે. વ્યાજ એટલે બહાનું. **જ્યારે દેખીતી નિન્દાનાં બહાનાં નીચે કોઇની પ્રશંસા થતી હોય અથવા તો દેખીતી પ્રશંસાનાં બહાનાં નીચે કોઇની નિન્દા થતી હોય ત્યારે આ અલંકાર બને.** આ અલંકારમાં ખાસ ધ્યાન એ રાખવાનું કે બોલનારને સામા માણસની નિન્દા કરવી હોય ત્યારે એનાં ખોટાં ખોટાં વખાણ કરે; પણ એ વખાણ એવી રીતે કરે કે તેમાંથી નિન્દા સમજાય. એવી જ રીતે સ્તુતિ કરવી હોય ત્યારે નિન્દા એવી રીતે કરે કે તેમાંથી સ્તુતિ સમજાય. આમ વ્યાજસ્તુતિના બે પ્રકાર થાય.

**(૧) નિન્દામાંથી સ્તુતિ સમજાય છે**

[૧] 'હે રાજન્, 'મારી પ્રજાને મેં બહુ સુખી કરી છે' એમ માની જતો નહીં.' તેં ચોરોને તો ધંધા વગરના કરી મૂકયા છે તે તો વિચાર'

અહીં 'કોઇને પણ ધંધા વગરનો કરી મૂકવો' તે યોગ્ય ન ગણાય એમ માનીને પહેલી દૃષ્ટિએ નિન્દા લાગે; પણ ચોરોને ધંધા વગરના કરવામાં તો રાજ્યની પ્રજામાં સુખ વધે છે અને આમ 'તેં પ્રજાની એટલી બધી સંભાળ રાખી છે કે ચોરો ચોરી જ કરી શકતા નથી" એવી તે રાજાની સ્તુતિ થાય છે. આમ


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેખીતી નિન્દામાંથી સ્તુતિ પરિણમે છે.

**(૨) સ્તુતિમાંથી નિન્દા સમજાય છે.**

[૨] 'હે જલદ, આ તારી ખરી સ્તુતિ છે કે તું તારી ગર્જનાથી પથિકોને હણીને ધર્મરાજને મદદ કરે છે'.

અહીં ધર્મરાજા જેવા દેવને મદદ કરનાર વ્યક્તિ જરૂર પ્રશંસાપાત્ર છે અને મેઘ એમ કરે છે માટે તેની સ્તુતિ કરાય છે એમ લાગે. પણ એ મદદ પથિકોને મારવાથી થાય છે. (પોતાની પ્રિયાથી વિખુટા પડેલા પથિકો વર્ષાઋતુમાં વિયોગ સહન ન કરી શકવાથી વાદળના ગડગડાટ સાંભળીને પ્રાણ છોડે છે) એટલે આ દેખીતી સ્તુતિમાંથી નિન્દા સમજાય છે. કોઇને મારીને, તેમાંય પથિકો જેવા નિર્દોષોને મારીને ધર્મરાજાને મદદ કરવી એ કંઈ સારૂં ન કહેવાય. માટે નિન્દા.

પણ આ બીજા પ્રકારમાં જરા વધુ સમજવા જેવું છે. કોઈ નીચેની લીંટીઓને આ બીજા પ્રકારનું ઉદાહરણ ગણે.

[૩] જાદવસ્ત્રી તાળી દઇ હસે ધન્ય નગર આવો નર વસે
કીધાં હશે વ્રતતપ આપાર તે સ્ત્રી પામી હશે આ ભરથાર'

અહીં દેખીતી પ્રશંસામાંથી નિન્દા સમજાય છે. પણ આમાં અને [૨] માં તફાવત છે. અહીં સુદામાના જે ગુણ વખાણ્યા છે તે તેનામાં છે જ નહીં. સુદામાની સુન્દરતા કંઇ એવી ન હતી કે કોઇ સ્ત્રીને તેને પરણવાનું મન થઇ જાય. જ્યારે [૨] માં તો વાદળાના ગડગડાટથી પથિકો સાચે જ મરી જાય છે. આમ આ અલંકારમાં જે અમુક ગુણને લીધે સ્તુતિ કે નિન્દા કરી હોય તે ગુણ ખરેખર અસ્તિત્વમાં હોવો જોઇએ. જો એમ ન હોય અને [૩] માં છે તેમ હોય તો તે સમાન્ય કટાક્ષનો દાખલો થઇ જાય. એવા કટાક્ષને આલંકારિકો ધ્વનિનો એક પ્રકાર માને છે.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust